# કેરી મહોત્સવમાં બે દિવસમાં ૧ કરોડથી વધુનું વેચાણ

## શહેરમાં રામકથા મેદાને કેરી મહોત્સવમાં દેશ-વિદેશની કેરીઓ ખરીદવા પહેલા દિવસે ધસારો : બે દિવસમાં ૧ કરોડ ૭ લાખની કિંમતની ૧,૦૬૦૦૦ કિલો કેરીનું વિક્રમી વેચાણ થયું







ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં રામકથા મેદાન ખાતે ગુજરાત ટુરીઝમ દ્વારા ત્રિદિવસીય રાષ્ટ્રીય કેરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કેરીના સ્વાદરસિકોએ પ્રથમ દિવસે જ ૪૬ લાખ ૬૨ હજાર ૪૦૦ રૂપિયાની કિંમતની ૪૬ હજાર ૨૮૦ કિલો કેરીની ખરીદી કરી છે.

જ્યારે બીજા દિવસે ૬૦ લાખથી વધુ કિંમતની ૬૦ હજાર કિલો કેરીનું વેચાણ થયું હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. વેપારીઓમાં પણ અનહદ ખુશીનો માહોલ છવાયો છે. બીજા દિવસે અને આજે એમ કેરીના વેચાણમાં ત્રણ ગણો વધારો થાય એવી શક્યતા જોવા મળી રહી છે. ગાંધીનગરમાં સૌ પ્રથમવાર રાષ્ટ્રીય કેરી મહોત્સવનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૧ રાજ્યના કેરી ઉત્પાદકો દ્વારા ૧૦૦ પ્રકારની કેરીનું પ્રદર્શન-વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે પ્રથમ દિવસે જ રામકથા મેદાન ખાતે આયોજીત આ કેરી મહોત્સવમાં વિવિધ શહેરોમાંથી કેરીના રસિયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા પ્રથમ દિવસે જ વેપારીઓને ખૂબ ઘરાકી થવા પામી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કેરી મહોત્સવનું ઉદ્‌ઘાટન સવારે ૮ વાગ્યે થયું ત્યારબાદ ગ્રાહકોની સંખ્યામાં ધસારો નોંધાયો હતો.

### ૫૦ કેરીના સ્ટોલ પરથી ૪૬,૬૨,૪૦૦ રૂપિયાની કેરી વેચાઈ

રાષ્ટ્રીય કેરી મહોત્સવમાં પ્રથમ દિવસે જ ૫૦ જેટલા કેરીના સ્ટોલ પરથી અંદાજીત ૪૬ હજાર ૨૮૦ કિલો કેરી એટલે કે રૂપિયા ૪૬ લાખ ૬૨ હજાર ૪૦૦ રૂપિયાની કેરીનું ઉત્પાદકો દ્વારા સીધુ જ ગ્રાહકોને વેચાણ કરવામાં આવ્યું હતું. હજી બે દિવસ કેરીનું પ્રદર્શન-વેચાણ કરવામાં આવશે જેનો લાભ લેવા સૌને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ઉત્પાદકો-વેપારીઓએ મુખ્યમંત્રીનો આભાર માન્યો

કેરી મહોત્સવમાં પ્રથમ દિવસે જ અઢળક કેરીઓનું વેચાણ થવાના કારણે અહી આવેલા કેરી ઉત્પાદકોમાં આનંદ અને હરખની લાગણી જોવા મળી રહી છે. અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો દિલથી આભાર વ્યક્ત કરી રહ્યા છે. તથા આ રીતે દર વર્ષે ભવ્ય કેરી મહોત્સવ યોજાય તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી.




### લખનઉની કેરીનો દબદબો

કેરી મહોત્સવમાં લખનઉના ફાર્મમાં ઉત્પાદિત કરાતી વિવિધ જાતની કેરી પ્રદર્શનમાં મુકવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રિય કેરીઓ પણ અહી મુકવામાં આવી છે. કેરી મહોત્સવમાં અવ્વલ નંબર હાંસલ કરનાર મેંગો ફેસ્ટ કંપનીના સીઈઓ એસ.સી. શુક્લાએ જણાવ્યુ હતુ કે લખનઉમાં ૧૦૦ એકરમાં દુનિયાભરની ૩૫૦ કેરીની વેરાઈટી મુકવામાં આવી છે. જેમાં સૌથી મોંઘી અંબિકા, આરૂણિકા, ઓસ્ટીન, શ્રેષ્ઠા નામની કેરી એક નંગના ૧૦૦ થી ૧૫૦ રૂપિયામાં વેચાય છે. આ કેરીમાં ભરપૂર પ્રમાણમાં ન્યુટ્રિશિયન તેમજ વિટામિન એ, ઈ, વી ગ્રુપના વિટામીન છે. આ કેરી કેન્સર, ડાયાબિટીસ, કોલેસ્ટોલ અને વજન કન્ટ્રોલ રાખવા માટે અક્સીર માનવામાં આવે છે. દશહરી નામના ગામ પરથી દશહરી કેરીનું નામ પડ્યુ છે. લખનઉમાં દશહરીમાં ૧૫૯ વર્ષ જુનુ કેરીનું વિશાળ ઝાડ છે. દશહરી, અંબિકા, સૂર્યા, હૂસ્નર, આરા તેમજ દેશી કેરીનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રિય છે. આ કેરીઓ દર વર્ષે વડાપ્રધાનને મોકલી આપે છે. જે અંગે વડાપ્રધાને પત્ર પાઠવીને સન્માન પણ કર્યુ છે.

# ડાક અદાલતમાં વસાહત મહા મંડળ અસરકારક રજુઆત

## સિનિયર સિટિઝનો માટે વિશેષ વ્યવસ્થા કરવા સહિત પોસ્ટ કચેરીઓ બંધ ન કરવા રજૂઆત : શહેરની એકપણ પોસ્ટ કચેરી બંધ નહીં કરાય તેવી વહીવટી અધિકારીની ખાતરી

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં પોસ્ટ વિભાગની ગાંધીનગર ડિવિઝનની ડાક અદાલત યોજાઈ હતી જેમાં શહેર વસાહત મહામંડળ દ્વારા વિવિધ મુદ્દે અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવેલ મુદ્દાઓમાં સેક્ટરોની પોસ્ટ કચેરીઓમાં સિનિયર સિટિઝન્સ માટે જરુરી વ્યવસ્થા સેક્ટર-૭ સહિત અન્ય ટપાલ કચેરીઓમાં નોમિનેશન ભરીને ખાતેદાર નોમિનીને મોકલે ત્યારે ચેકબુક કે જમા રકમ આપવાનું ફોર્મ સ્વીકારવા બાબતે, પોસ્ટ કચેરી કામના ભારણની ચકાસણી સમયાંતરે કરવામાં આવે, જુના સચિવાલય ખાતે પોસ્ટ કચેરીનું કાઉન્ટર શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરાય તેમજ દરેક પોસ્ટ કચેરીમાં કનેક્ટિવિટી સમસ્યાને દૂર કરવા પગલાં હાથ ધરવામાં આવે વગેરેનો સમાવેશ થાય છે.

પોસ્ટ વિભાગની ગાંધીનગર ડિવીઝનની મળેલ ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળ દ્વારા સેકટરોની ટપાલ કચેરી બંધ ન કરવા, સેક્ટર-૭માં પોસ્ટ કચેરીને મોટું મકાન ફાળવવા, સેક્ટર-૨૩ની ટપાલ કચેરીની બીજે ન બદલવા ઉપરાંત દરેક પોસ્ટ કચેરીમાં સિનિયર સિટિઝન્સ માટે નાણાંકીય લેવડ દેવડમાં મૅસેન્જરને માન્યતા આપવા તથા જરૂર જણાયે ફોન કરી ખાત્રી કરવા ઉપરાંત પોસ્ટ કચેરીના કામના ભારણની વખતોવખત ચકાસણી કરવા રજુઆતો કરવામાં આવી હતી. આ સાથે જૂના સચિવાલયમાં કચેરીમાં પોસ્ટ કાઉન્ટર શરૃ કરી પોસ્ટલ સ્ટેશનરી ઉપલબ્ધ કરાવવા તેમજ ઉવારસદની પોસ્ટ કચેરી ચાલુ રાખવા માટે અને સે.૮ની પોસ્ટ કચેરીને બંધ ના કરવા બાબતે પણ રજુઆત કરાઈ હતી. વસાહત મહા મંડળની રજૂઆતોને અનુલક્ષીને ડાક વિભાગના અધિકારીએ શહેરની કોઈપણ પોસ્ટ કચેરી બંધ થશે નહીં તેવી ખાતરી આપી હતી. આ ડાક અદાલતમાં મહા મંડળ વતી પ્રમુખ અરૂણભાઈ બુચે ઉપરાંત કિશોરભાઈ જીકાદરા, ભાનુભાઈ દવે, સુધીરભાઈ દેસાઈ, કનુભાઈ પટેલ, સે.૨૩ના સાંકાભાઈ પટેલ, સે.૮ના સીએ જયપ્રકાશ શાહ તથા ઓનલાઈનના માધ્યમથી મયુરભાઈ વ્યાસ સહિત અનેક પ્રતિનિધિઓ જોડાયાં હતા. ડાક અદાલતમાં પોસ્ટ વિભાગ તરફથી વહીવટી અધિકારી અંકુર તિવારી ઉપસ્થિત રહ્યાં હતાં.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેનો યુરિયા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું

## એક બોટલમાં યુરિયાની એક બોરીની શક્તિ મોદી : ભારત વિદેશમાંથી જે ૫૦ કિલોની યુરિયાની થેલી આયાત કરે છે જે ખેડૂતને માત્ર ૩૦૦ રૂપિયામાં અપાય છે : મોદી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં આયોજિત "સહકાર સે સમૃદ્ધિ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગામડાઓના આત્મનિર્ભરતા માટે સહકારને એક મહાન માધ્યમ ગણાવ્યું અને કહ્યું કે આમાં જ આત્મનિર્ભર ભારતની ઉર્જા રહેલી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ગામડાઓનું આત્મનિર્ભર હોવું ખૂબ જ જરૂરી છે, તેથી પૂજ્ય બાપુ અને સરદાર પટેલે બતાવેલા માર્ગ મુજબ આજે આપણે એક આદર્શ સહકારી ગામ તરફ આગળ વધી રહ્યા છીએ."

તેમના સંબોધન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં સહકાર સે સમૃદ્ધિ કાર્યક્રમમાં ઈફ્કો, કલોલ ખાતે ઉત્પાદિત નેનો યુરિયા (લિક્વિડ) પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, "આજે, આત્મનિર્ભર કૃષિ માટે દેશના પ્રથમ નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરતી વખતે મને વિશેષ આનંદ થાય છે. હવે એક બોટલમાં યુરિયાની બોરીની શક્તિ સમાયેલી છે. નેનો યુરિયાની લગભગ અડધો લિટર બોટલ, ખેડૂતની એક બોરી યુરિયાની જરૂરિયાત પૂરી કરશે. તેમણે વધુમાં કહ્યું કે, “૨૦૧૪માં સરકાર બન્યા બાદ અમે યુરિયાના ૧૦૦ ટકા નીમ કોટિંગનું કામ કર્યું હતું. આનાથી દેશના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા મળે તે સુનિશ્ચિત થયું. આ સાથે અમે યુપી, બિહાર, ઝારખંડ, ઓડિશા અને તેલંગાણામાં ૫ બંધ ખાતર ફેક્ટરીઓને ફરીથી શરૂ કરવાનું કામ શરૂ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું, “ભારત વિદેશમાંથી જે ૫૦ કિલોની યુરિયાની થેલી આયાત કરે છે તેની કિંમત ૩,૫૦૦ રૂપિયા છે, પરંતુ દેશમાં તે જ યુરિયાની થેલી ખેડૂતને માત્ર ૩૦૦ રૂપિયામાં આપવામાં આવે છે. એટલે કે અમારી સરકાર યુરિયાની એક થેલી પર ૩,૨૦૦ રૂપિયાનો ભાર સહન કરે છે. પીએમ મોદીએ કહ્યું, ’ભારતની ઘણી મુશ્કેલીઓનો ઉકેલ આત્મનિર્ભરતા છે. આત્મનિર્ભરતાનું એક મહાન મોડેલ સહકારી છે. અમે ગુજરાતમાં ખૂબ જ સફળતા સાથે આનો અનુભવ કર્યો છે અને તમે બધા મિત્રો આ સફળતાના લડવૈયા છો. ડેરી ક્ષેત્રના સહકારી મોડેલનું ઉદાહરણ આપણી સમક્ષ છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે, જેમાં ગુજરાતનો મોટો હિસ્સો છે. છેલ્લા વર્ષોમાં ડેરી ક્ષેત્ર પણ ઝડપથી વિકસી રહ્યું છે અને ગ્રામીણ અર્થતંત્રમાં પણ વધુ યોગદાન આપી રહ્યું છે.

તેમણે કહ્યું, ’ગુજરાતમાં દૂધ આધારિત ઉદ્યોગોનો વ્યાપક ફેલાવો એટલા માટે થયો કારણ કે આમાં સરકારના પ્રતિબંધો ઓછા હતા. સરકાર શક્ય તેટલું ટકી રહેવાનો પ્રયાસ કરે છે અને સહકારી ક્ષેત્રને વિકાસની સ્વતંત્રતા આપે છે. સરકાર અહીં માત્ર સુવિધા આપનારની ભૂમિકા ભજવે છે, બાકીનું કામ કાં તો તમારા જેવી સહકારી સંસ્થાઓ, ખેડૂતો કરે છે. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ’આઝાદીના અમૃતની ભાવના સાથે સહકારની ભાવનાને જોડવા માટે અમે સતત આગળ વધી રહ્યા છીએ. આ હેતુ સાથે કેન્દ્રમાં સહકારી માટે એક અલગ મંત્રાલયની રચના કરવામાં આવી હતી. દેશમાં સહકારી આધારિત આર્થિક મોડલને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે. સહકારીની સૌથી મોટી તાકાત છે વિશ્વાસ, સહકાર, દરેકની મદદથી સંસ્થાની ક્ષમતા વધારવાની ક્ષમતા. આ સ્વતંત્રતાના અમૃતમાં ભારતની સફળતાની ગેરંટી છે. તેમણે કહ્યું, ’અહીં જેને ઓછું આંકવામાં આવ્યું હતું, અમે અમૃતના સમયમાં તેને મોટી શક્તિ બનાવવાનું કામ કરી રહ્યા છીએ. આજે નાના ખેડૂતોને દરેક રીતે સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે, નાના પાયાના ઉદ્યોગો, સ્જીસ્ઈ ને ભારતની આત્મનિર્ભર સપ્લાય ચેઈનનો મજબૂત ભાગ બનાવવામાં આવી રહ્યો છે.

# શહેરમાં સમસ્યાઓ ઘટવાના બદલે વધારો

## ગટરલાઈનો, પાણીની લાઈનો, માર્ગના બાંધકામ યોગ્ય રીતે ન થવાથી શહેરીજનોમાં અસંતોષની લાગણી વ્યાપી

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં દરેક વિસ્તારોમાં નાના-મોટા વિકાસકામો ચાલતા જોવા મળી રહ્યા છે. જેમાં સેક્ટરો, સોસાયટીઓ, માર્ગો પર ખોદકામ કરવામાં આવી રહ્યું છે. પાણીની અને ગટરની પાઈપ લાઈનો નવી નાખવા માટે ઠેર ઠેર કામદારો દ્વારા ખોદકામ કરવામાં આવ્યું છે. જેમાં શહેરીજનો તરફથી એવી ફરિયાદો મળી રહી છે કે માર્ગો તોડફોડ કરીને ઊંડા ઊંડા ખાડાઓ કરીને પાઈપલાઈનો નાંખીને જે તે કાર્ય પૂર્ણ કરીને અધુરૂ કામ કરવામાં આવી રહ્યું છે. રસ્તાઓ તોડ્યા બાદ તેનું બાંધકામ કરવામાં આવતુ નથી અને ગટરલાઈન નાખ્યા બાદ યોગ્ય રીતે પુરાણ કરવામાં આવતું નથી તેથી




આસપાસના રહિશો આવી કામગીરીથી અસંતોષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

શહેરમાં સેક્ટર-૩૦ જાગૃતિ પાર્ક ખાતે શેરી નંબર-૩ માં ગટર પાઈપલાઈન માટેની કામગીરી હાથ ધરાઈ હતી ત્યારે આસપાસના રહિશો દ્વારા ત્યાં હાજર પેટા કોન્ટ્રાક્ટરને પ્રશ્નો થકી પાણીની પાઈપલાઈન અને માર્ગ બાંધકામ વિગેરે બાંધકામ ક્યારે થશે તેમ પૂછતા યોગ્ય જવાબ આપવામાં આવ્યો નહોતો અને ખો આપતા અમારા સાહેબને જણાવીને વાત કરીશું એમ કહીને છુટી ગયા હતા. ચોમાસુ શરૂ થવાની આગાહી સરકારના સંબંધિત વિભાગોએ કરી છે આગામી સમયમાં વરસાદ આવશે તેવામાં આ પ્રકારની અધુરી કામગીરી જોતા રહિશો ત્રસ્ત બન્યા છે. જોકે આજ સેક્ટરના અનેક માર્ગો ગયા ચોમાસાથી મરામત માંગે છે. ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા જઈ રહ્યું છે પરંતુ સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. જે તે સ્થળે પાઈપલાઈન, ગટરલાઈનો નાંખ્યા બાદ યોગ્ય બાંધકામ અને માટીનું પુરાણ ન કરવાથી વાહનચાલકોને અવરજવરમાં હેરાન થવું પડી રહ્યું છે.



વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતે યોજાવાની હોઈ તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટી આક્રમક રીતે તૈયારીઓ કરી રહી છે. પેથાપુર ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા હતા.